# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૨૩ • સળંગ અંક : ૭૪ • તા. ૦૯ નવેમ્બર થી ૧૫ નવેમ્બર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# સંજીવની યોજનાના આધારસ્તંભ
# નરેન્દ્ર શામજી દંડ


જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શય્યા ગણી, અંગાર પર હસતો રહ્યો,
એ મુસીબત આટલી ઝિંદાદિલીને દાદ દે,
તેં ધરી તલવાર, તો હું ધાર પર હસતો રહ્યો

– શેખાદમ સાબુવાલા



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર

સમય સાથે સતત બધુ જ બદલાય છે. બદલાતા સમય સાથે ચાલવા માટે આપણને પણ સતત બદલાવવું પડે છે. નિત નિત અપડે થતા રહેવું જરૂરી છે અને ખાસ કરીને વિદ્યાર્થીઓને જ્ઞાન સમજ અને શિક્ષણ પદ્ધતિને અપડેટ કરતા રહેવું જરૂરી છે.

એક દાખલો જોઈએ વર્ગમાં શિક્ષકએ વિદ્યાર્થીઓને સવાલ પૂછ્યો કે ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ કોણ છે ? દરેક વિદ્યાર્થીઓ પોતાની સમજ, સૂઝ અને જ્ઞાન હતું એ રીતે જવાબ આપ્યો. પણ કોઈ સાચો જવાબ આપી શક્યા નહીં. ઘણાઓએ પ્રણવ મુર્ખજીનું નામ કહ્યું ત્યારે શિક્ષકએ કહ્યું ‘‘સૌના જવાબ ખોટા છે.’’ વિદ્યાર્થીઓ અચંબિત થઈ ગયા અને સઆશંકિત થઈ ટીચરને પ્રશ્ન ર્ક્યો કે ‘‘અગાઉ તમોએ જ ભણાવ્યું છે કે આપણા વર્તમાન રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુર્ખજી છે તો પછી અત્યારે કેમ ખોટું ? શિક્ષક વિદ્યાર્થીઓને સમજાવ્યું કે’’ આપણા દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી દર પાંચ વરસે થાય છે. ક્યારે આગળના જ રાષ્ટ્રપતિ ફરી ચૂંટાઈ આવે તો ક્યારે અન્ય વ્યક્તિ ચૂંટાઈ આવે એટલે તમારો જવાબ સાચો હોવા છતાં વર્તમાનમાં આ પ્રશ્નનો જવાબ ખોટો કહેવાય.

આમ આવી રીતે પ્રત્યેક વિદ્યાર્થીએ દરેક રીતે અપડેટ રહીને પોતાનું જ્ઞાન સતેજ કરવું રહ્યું તો જ સાચો જવાબ તે આપી શકે. વિદ્યાર્થીઓને દરેક વિષયને જ્ઞાન મળે છે. માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ વિષયો ભણાવાય એવો માળખો ગોઠવાયો છે. ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, નાગરિક શાસ્ત્ર, પર્યાવરણ જેવા વિષયો આમાં આવરી લેવાયા છે. ભાષા અને ગણિત તો આમાં હોવાની જ. બાળકના ઉચ્ચતર વિકાસ માટે આ બધા વિષયો જરૂરી છે.

આજનો યુગ સુપર ફાસ્ટ ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક ગેજેટ વપરાશનો યુગ છે. શાળામાં ભણાવાતા વિષયો પૂરતાં નથી. પુસ્તકીયુ જ્ઞાન ભણાવવા કરતાં ટેકનોલોજીનું જ્ઞાન મળે એ ખાસ જરૂરી છે. પુસ્તકિયા શિક્ષણ ગોખીને પરીક્ષામાં સારા માર્કસ મેળવાની સ્પર્ધા થાય તેના કરતાં સમજણ શક્તિ વિકસે, આધુનિક વિજ્ઞાન દ્વારા જ્ઞાન મળે એવું જીવન ઉપયોગી અને વર્તમાન તથા ભવિષ્ય ઉજ્જ્વળ કરે એવા જ્ઞાન વર્ધક વિષયો હોવા જરૂરી છે. ઈતિહાસમાં પાણીપતનું યુદ્ધ, મોગલ કાળ, લોધી વંશ વિગેરેમાં ઈતિહાસની જાણકારી જરૂરી છે. પણ વ્યવહારમાં ઉપયોગી ખરેખર છે? એની ઉપર વિશદ ચર્ચા શિક્ષણ શાસ્ત્રીઓ એ કરી એનું તારણ રજૂ કરવું જોઈએ.

ટેકનો લોજીના આધુનિક યુગમાં પુસ્તકના જ્ઞાન સાથે કોમ્પ્યુટર, લેપટોપ, ઈન્ટરનેટ શું છે. તેની સમજ તેનો ઉપયોગ કરી જીવન વિકાસ થાય. દરેક રીતે ઉપયોગી થાય તેની પ્રાયોગિક કેળવણી મળે એ જરૂરી છે અને એજ ખરેખર ઉપયોગી જ્ઞાન સમજ શિક્ષણ છે. આજના જમાનામાં જરૂરી થઈ ગયેલા આ વિષયો જો શાળા કાળમાં દાખલ કરાય, તેનો સર્વાંગી શિક્ષણ બાળકોને મળતો થાય તો વિદ્યાર્થીઓને સાચી દિશા વિદ્યાર્થી કાળ દરમ્યાન મળી શકે. સાથો સાથ કાયદાઓની સમજ અપાયતો સજાગ અને જાગૃતિ નાગરિક તરીકે તેઓ સુજ્ઞ બની રહી શકે.

આજનો યુગ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો યુગ છે. જેની તૈયારીઓ પણ શરૂઆતથી અપાતી થાય તો તેના મહાવરાથી વિદ્યાર્થીઓનું ઘડતર મજબૂત થાય.


– જય જ્ઞાતિમૈયા

# જરૂરિયાતમંદોના જીવનમાં આશાનો સંચાર કરનારા સંજીવની યોજનાના દાતા નરેન્દ્ર શામજી દંડ





શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની મેડિકલ કમિટિ જ્ઞાતિના જરૂરતમંદો માટે તાત્કાલિક સારવાર અર્થે સહાય માટે મદદરૂપ થાય એ માટે પ્રયત્નશીલ છે. આ સંજીવની યોજનામાં નરેન્દ્રભાઈ શામજી દંડ પેટ્રન તરીકે જોડાયા છે. સંજીવની યોજના શરૂ થઈ ત્યારથી પ્રથમ કેસ મેડિકલ કમિટી પાસે આવ્યો ત્યારથી તેઓ આમા સહાયરૂપ થતા રહ્યાં છે આ યોજનામાં આવનાર આગામી દરેક કેસમાં તેમના દ્વારા દરેક દરેક કેસમાં ફુલની પાંખડી રૂપે યોગદાન સહાય આપશે એવું તેઓશ્રીએ સ્વેચ્છાએ સ્વીકાર્યું છે. તેઓની સમસ્ત મહાજન અનુમોદના કરે છે.


#128,Cathedral road, # 6, 5th floor,Crown court building, Chennai-600086 Ph:9884149494
www.shubhdiamonds.com

શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# ચાલીસગામ સંઘમાં ઋષિ મંડળનું પૂજન કરી ધર્મ આરાધના થઈ



ચાલીસગામ સંઘમાં પ.પૂ.સાધ્વીજી કનકગુણાશ્રીજી મ.સા.ની પુનિત નિશ્રામાં ઋષિ મંડળ પૂજન દ્વારા ધર્મ આરાધના કરાઈ. સકળ સંઘના શ્રાવક, શ્રાવિકાઓ ધર્મભાવથી જોડાઈ આરાધના ભક્તિનો લાભ લઈ ધન્ય હતા.


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART&FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

તા. ૩૦-૧૦-૨૦૧૯

## વાર્ષિક – સામાન્ય સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક સામાન્ય સભા સંવત ૨૦૭૬ના કારતક વદ ૯ ને બુધવાર તા. ૨૦-૧૧-૨૦૧૯ના સાંજના ૬.૩૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર વાર્ષિક-સામાન્ય સભામાં ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

### -ઃ કાર્યસુચી ઃ-

૧. ગત તા. ૨૦-૧૧-૨૦૧૮ની સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૮-૧૯ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.

૩. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા તા. ૩૦-૦૯-૨૦૧૯ના આવેલ પત્ર મુજબ ઐરોલી સ્થિત વિવિધલક્ષી સંકુલ માટે સંપૂર્ણ સંકુલને શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો નામ આપવાની અને નક્કી થાય તે મુજબ યોગ્ય સ્થળે નામ મુકવાની શરતે ટ્રસ્ટ તરફથી રૂા. ૫,૫૦,૦૦,૦૦૦/- (પાંચ કરોડ પચાસ લાખ પુરા)ની ઓફર આવેલ છે તેને મંજુરી આપવા બાબત.

૪. પ્રમુખશ્રીની મંજુરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

એજ લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી**

**રમેશ હીરજી લોડાયા**     **ચેતનકુમાર ખીમજી મોમાયા**

(માનદમંત્રીઓ)

**નોંધ :** ૧. સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે.

૨. મુલતવી રહેલી સભામાં કાર્યસુચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહિં.

૩. (Audited) અન્વેષિત હિસાબોની નકલ મહાજનશ્રીની ઓફીસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૩૦ દરમ્યાન સંપર્ક કરવો. મહાજનના હિસાબો બાબત તા. ૧૭-૧૧-૨૦૧૯ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી આવેલા લિખિત પ્રશ્નોના જ ખુલાસા સામાન્ય સભામાં આપવામાં આવશે તેની નોંધ લેશોજી.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

સર્વે સભ્યોને જણાવવાનું કે, તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીના પાંચ વર્ષ માટે (૧) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ ના વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યો (૨) શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો ના ૧૧ ટ્રસ્ટીઓ તથા (૩) શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ ઉપરના મહાજનશ્રીના ૧ પ્રતિનિધિ - ટ્રસ્ટીની ચુંટણી રવિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ છે.

## ચુંટણી અંગેના નિયમો અને અગત્યની સુચનાઓ

**૧. મુંબઇ મહાજનશ્રીના બંધારણ એવં તેના પરીશિષ્ટ ૫ અનુસાર ચુંટણી યોજાશે.**

**(અ) ડીપોઝીટ :** મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિના સભ્યપદની ઉમેદવારી માટે રૂા. ૧૦૦૦/- (રૂા. એક હજાર) રોકડા બને ટ્રસ્ટના ટ્રસ્ટીપદની પ્રત્યેકની ઉમેદવારી માટે રૂા. ૫૦૦૦/- (રૂા. પાંચ હજાર) રોકડા ડીપોઝીટ ભરવાના રહેશે.

**(બ) લાગા-લેણા :** ઉપરોક્ત ત્રણે સંસ્થાના સમિતિના સભ્યપદ/ટ્રસ્ટીની ચુટંણીમાં ઉમેદવારી કરનારના શ્રી અનંતનાથજી ટ્રસ્ટ કે મુંબઇ મહાજનશ્રીના સર્વે લાગા, લેણાની ચૂકવણી આવશ્યક છે, અન્યથા તેમની ઉમેદવારી રદ થશે.

**(ક)** મુંબઇ મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યોની ચુંટણીની માટે વધુમાં વધુ ૪૪ મત અને ઓછામાં ઓછા ૨૫ મત આપવાનું ફરજીયાત છે. શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ૧૧ ટ્રસ્ટીઓ માટે વધુમાં વધુ ૧૧ મત અને ઓછામાં ઓછા ૭ મત આપવાનું ફરજીયાત છે. એવં શિક્ષણ પ્રસારક સમિતિ પર મહાજનશ્રીના એક પ્રતિનિધી ટ્રસ્ટી માટે ૧ મત આપવો ફરજીયાત છે. નિયત સંખ્યાથી ઓછા કે વધારે મતવાળું મતપત્રક રદ ગણાશે.

**(ડ)** ચુંટણી માટે મસ્જિદ બંદર, માટુંગા, ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ, ડોંબિવલી તથા ગોરેગામ મતદાન મથકો રહેશે. જે મતદાન મથકમાં જ્ઞાતિજનનું નામ રોલપત્રક પર હશે તે મતદાન મથક પર જ તેઓ મતદાન કરી શકશે. જે જ્ઞાતિજનોએ પોતના રહેઠાણ બદલ્યા હોય તેમણે મહાજનશ્રીની ઓફીસને તા. ૨૦-૧૧-૨૦૧૯ સુધી લેખિતમાં જણાવવું.

**(ઈ)** મુંબઇ મહાજનશ્રીના રોલપત્રક મુંબઈ મહાજનશ્રીના કાર્યાલયમાં તા. ૨૦-૧૧-૨૦૧૯ સુધી ખુલ્લા રાખવામાં આવેલ છે. સભ્યોને પોતાના નામ તપાસી લેવા વિનંતી છે. ફેરફારો માટે ત્યાં જ ફોર્મ લઇ ભરીને મુંબઇ કાર્યાલયે આપવા.

**(ફ)** બહારગામથી મુંબઈ રહેવા આવેલ જ્ઞાતિજનોએ મહાજનશ્રીનું ફોર્મ ભરીને પોતાના નામ રોલપત્રકમાં આમેજ કરાવી લેવા.

**(ગ)** સને ૨૦૧૪ના અદ્યાવત કરેલ રોલપત્રક બાદ જે જ્ઞાતિજનોના બાળકો તા. ૨૦-૧૨-૨૦૧૯ સુધી ૧૮ વર્ષના થતા હોય તેઓએ તેમના નામો તપાસી લઇ ઉમેરાવી લેવા.

**(ચ)** જે આંતરજ્ઞાતિય બહેનોએ આપણી જ્ઞાતિમાં લગ્ન કરેલ છે અને જેમના મહાજનશ્રીના સભ્યપદ માટેના ફોર્મ વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલ છે તેમના નામ મહાજનશ્રીના રોલપત્રકમાં આમેજ કરાયેલ છે જે તપાસી લેવા વિનંતી.

**(છ)** છેકછાક વાળું કે નિર્ધારિત નિશાની કરતાં અન્ય નિશાનીવાળું મતપત્રક રદ કરવામાં આવશે.

**(જ)** જે સભ્યનું નામ ઉમેદવારીની છેલ્લી તારીખથી એક વર્ષ અગાઉથી મહાજનશ્રીના પત્રકમાં નોંધાવેલું હશે તે સભ્ય ને જ ચુંટણીમાં ઉમેદવારી કરવાનો તથા ઉમેદવારીની દરખાસ્ત કરવાનો તથા ટેકો આપવાનો અધિકાર રહેશે.

- **ઉમેદવારે સંપૂર્ણ ફોર્મ છેક છાક રહિત, સારા અક્ષરોમાં ભરવું આવશ્યક છે.**
- **આ ઉપરાંત ચુંટણી સંબંધી કાંઇ પણ પૂછપરછ કે વધુ માહિતી માટે મહાજનશ્રીના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**રમેશ હીરજી લોડાયા** અને
**ચેતનકુમાર ખીમજી મોમાયા**
માનદ્ મંત્રીઓ

**મુખ્ય ચુંટણી અધિકારી**
**શ્રી ચીમન મેઘજી મોતા, મુલુંડ**
**પ્રથમ ઉપ-ચુંટણી અધિકારી**
**શ્રી ડોલર પ્રતાપ લોડાયા / શાહ, મુલુંડ**
**દ્વિતીય ઉપ-ચુંટણી અધિકારી**
**શ્રી રાજીવ જયચંદ લુઠીયા, મુલુંડ**

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

Trust Reg. No.: 32088 (Mumbai)

C/O. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 276, D. N. ROAD, FORT, MUMBAI - 400 001.
PHONE : 2219 8500 FAX : 2205 5556 E-MAIL : kdoclassic.foundation@gmail.com

## : કોઠારા સાર્વજનીક દવાખાના :

કચ્છના અબડાસા તાલુકાના મોટા ભાગના ગામોમાં ડોક્ટર હોતા નથી તેમજ વૈદકિય સુવિધાઓનો પણ અભાવ હોય છે. આ મુશ્કેલીને લક્ષમાં રાખી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન, મુંબઈએ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોને કોઠારા સાર્વજનીક દવાખાનામાં સર્વ ટ્રીટમેન્ટ નિઃશુલ્ક (FREE) મળે એવી વ્યવસ્થા કરી છે. કોઠારા અબડાસાના આપણી જ્ઞાતિની વસ્તીના ગામોની મધ્યમાં આવેલ છે એટલે સર્વે જ્ઞાતિજનો આનો લાભ લઈ શકશે.

વર્ષ : ૧૯૬૬ના દશેરાના શુભ દિવસે, શ્રી કોઠારા સાર્વજનીક દવાખાના ટ્રસ્ટ સંચાલિત કોઠારા સાર્વજનીક દવાખાના શરૂ થયેલ. આજ ૫૦થી વધુ વર્ષોથી કોઠારા અને આસપાસના ગામોની પ્રજાને નજીવી ફી લઈને આ દવાખાનું સેવા આપી રહ્યું છે. આ દવાખાનામાં ડીજીટલ એક્સરે તથા ડીજીટલ પેથોલોજી લેબોરેટરી અને કાર્ડીઓગ્રામ (ECG)ની સગવડ ઉપલબ્ધ છે. મલેરીયા/ટાઈફોઈડ/હેમોગ્લોબીન/ડાયાબીટીસ/પ્રગ્નેન્શીના ટેસ્ટ અહીં કરાવી શકાય છે. ડોક્ટરશ્રી દર્દીને તપાસી દવા લખી આપે એ દવા આ દવાખાનામાંથી મળી રહે છે. ગ્લુકોઝ/દવાના બોટલ ચડાવવાની સગવડતા પણ છે. જરૂરત પડે અને ટ્રીટમેન્ટ માટે રાત રોકાવવું પડે તો પાંચ બેડ મહીલા અને પાંચ બેડ પુરૂષ માટેની વ્યવસ્થા આ દવાખાનામાં છે. ડોક્ટરશ્રીનું રહેઠાણ આ દવાખાનાની ઉપર છે એટલે ઈમરજન્શીમાં ડોક્ટરશ્રી ૨૪ (ચોવીસ) કલાક મળી શકે છે.

દવાખાનાનો ટેલીફોન નંબર : (૦૨૮૩૧) ૨૮ ૨૨૪૦.

દવાખાનાનો સમય : સવારે : ૯ થી ૧ બપોરે : ૩ થી ૬

**ખાસ સૂચના :** દવાખાનામાં બતાવવા માટે આપનો ફોટા સાથેનો ઓળખ પત્ર (આધાર કાર્ડ / પેન કાર્ડ / અન્ય) આપની સાથે લઈ જવું જરૂરી છે. ઓળખ પત્ર વગર દવાખાનામાં ટ્રીટમેન્ટ અપાશે નહીં.

## : ભુજમાં મોતિયાના ઓપરેશન :

ક.દ.ઓ. જ્ઞાતિજનનો માટે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન દ્વારા મુંબઈમાં પ્રથમ દષ્ટી (આંખ) અભિયાન છેલ્લા ૨૦થી અધિક વર્ષોથી કાર્યરત છે જેમાં આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવી અપાય છે. કચ્છમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવવા મુંબઈ સુધી આવવું પડતું હતું.

કચ્છમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને મુંબઈ સુધી આવવું ન પડે એ શુભ વિચારથી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશને છેલ્લા પાંચ વર્ષથી આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશનની સવલત નિઃશુલ્ક (FREE) કચ્છમાં મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે. લેવા પટેલ હોસ્પીટલ, ભુજ સાથે આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશનની વ્યવસ્થા ઉભી કરેલ છે.

## : મુંબઈમાં ચાલતા અભિયાનો :

આ ઉપરાંત કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે મુંબઈમાં ઓપરેશન - પ્રથમ દષ્ટી (આંખ) - દાંત - ડાયાબીટીસના નિઃશુલ્ક (FREE) અભિયાનો ચલાવે છે.

# સાંધવ ગામે પ.પૂ. હિતવર્ધન સાગરજી મ.સા.ની નિશ્રામાં જ્ઞાન આરાધના કરાઈ





અબડાસા તાલુકાના સાંધવ નગરે પ.પૂ. હિતવર્ધન સાગરજી મ.સા.ની પાવન કારી નિશ્રામાં જ્ઞાન આરાધના કરાઈ, જેમાં સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ તેમજ બાળકો પણ ઉમંગ ભેર જોડાઈ ધર્મ લાભ પામ્યા હતા.

Samast Mahajan, Sanjivani Initiative

CASE No.: 11

DONATION NEEDED! With your small help, He can lead normal life

MR. PADAMSHI VERSHI SONI

Age 56 yrs, KUTCH, VAKU, CHALISGAON

Admitted in Ashwini Hospital, Mahim for Surgery of both the legs known as `Ilizarov Angioplasty' to improve the Blood Circulation of his legs and reduce Ischaemia. Known case of Diabetes.



Donation Required

Rs. 1,56,000/-

Bank Details:
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Dena Bank Branch : Mulund (West)
S. A/C. No. 009410031785
IFSC code. : BKDN0460094

For Live Donations on Sanjivani App
pls contact: +91 90990 41414

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

In case of Mobile / NEFT Transfer, Kindly forward tranfer details on 90990 41414

જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

અથવા વોટ્સએપ પર મોકલો

9322257731

卐 સિરસા વંદે મહાવીરં 卐

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ  શ્રી અનંત લબ્ધિ નિધાનાય ગૌતમ સ્વામિને નમઃ  શ્રી નેમિનાથાય નમઃ

શ્રી વિધિપક્ષ ગચ્છીયશ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નીતિ - દાન - નેમ - ગુણ - ગુણોદયસાગરસૂરીશ્વરજી સદ્ગુરૂભ્યો નમઃ

સંયમ સુવાસ તથા સંયમ સ્વીકાર ના અવસરે અંતર્મુખતા પ્રદાયી

# સ્વરૂપ સ્પર્શોત્સવ

## આત્મીય

# આમંત્રણમ્

### મોક્ષાનંદી દિવ્ય કૃપા

સરલ સ્વભાવી, સ્વાધ્યાય પ્રેમી પ. પૂ. આ. ભ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા.
ભારત દિવાકર, અનેક શાસ્ત્રો સર્જક, શાસન સમ્રાટ,
અચલગચ્છેશ પ. પૂ. આ. ભ. શ્રી. ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

### નિજાનંદી નિશ્રા તથા પ્રવજ્યા પ્રદાતા

જિનશાસન શિરોમણિ તપચક ચક્રવર્તી દિક્ષા દાનેશ્વરી અચલગચ્છાધિપતી પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

### સહજાનંદી નિશ્રા પ્રદાતા



સાહિત્ય દિવાકર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.
સરળ સ્વભાવી પ. પૂ આ. ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.
મંત્ર પ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રી. વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ. સા. આદી શ્રમણ વૃંદ



### પૂર્ણાનંદી આશિષ પ્રદાતા

આગમ અભ્યાસી પ. પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

### આત્માનંદી નિશ્રા દાતા

પ્રવર્તિની મહત્તરા મુખ્યાસાધ્વીશ્રી પ. પૂ. સાધ્વીવર્યા વસંતપ્રભાશ્રીજી મ. સા. આદી શ્રમણી વૃંદ

### ભવ્યાનંદી આશિષ દાતા

વર્ધમાન તપોનિધી પ્રવર્તિની પ. પૂ. સાધ્વીવર્યા અરૂણોદયશ્રીજી મ. સા.

દેવ - ગુરૂ - ધર્મોપાસક શ્રી.  શ્રમણ - શ્રમણી ભગવંતોને મત્થેણ વંદામિ

પ્રણામ,

અત્યંત હર્ષભીના હદયે જણાવવાનું કે અમારા અનંતા અનંત ભવો ના પરમ ભાગ્યોદયે માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવારના સંસારી સુપુત્રી તથા માતુશ્રી ભચીબાઈ કુંવરજી દેવશી મૈશરી (પટેલ) પરિવાર ના સંસારી પુત્રવધુ તેમજ પ. પૂ. સા. ચંદ્રયશાશ્રીજી મ. સા. નાં વિનયી શિષ્યરત્ના તપ સંયમ ની સુવાસથી મઘમઘતા પ. પૂ. સાધ્વી વર્યા શ્રી મહાયશાશ્રી મ. સા. ના ૪૫ વર્ષીય દીક્ષા પર્યાયની અનુમોદનાનો સંયમ સુવાસ્તોત્સવ એવં રજોહરણ પામવા અધિરા બનેલા, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતીશ્રી ના સાનિધ્યે અણીશુધ્ધ સંયમી પ. પૂ. મુનિપ્રવર શ્રી ભાગ્યોદયસાગરજી મ. સા. ના શિષ્યત્વ પામવા તત્પર બનેલા, માતુશ્રી તારામતી મણીલાલ પદમશી લોડાયા ના કુલદીપક, માતુશ્રી ચંદનબેન હંસકુમાર નાગડા ના દોહીત્ર તેમજ રત્નકુક્ષી માતા હીનાબેન નરીશ લોડાયા ના પુત્ર મુમુક્ષુ રત્ન ચિ. ગૌતમકુમારનો સંયમ સ્પર્શોત્સવ નો અમને સુઅવસર પ્રાપ્ત થયો છે. સોનામાં સુગંધ ભળે તેમ તપસ્વીરત્ન અચલગચ્છાધિપતીશ્રીની ૬૩ મી દીક્ષા તિથી પણ ઉજવવાનો લાભ મળ્યો છે. આ ત્र्यાન્હીકા મહોત્સવ ને માણવા આપ સહુને આમંત્રણ આપતા અમે આનંદ અનુભવીએ છીએ. આપ સહુ પધારી શાસન શોભામા અભિવૃધ્ધિ કરશોજી.

## મહોત્સવનો મંગલમય કાર્યક્રમ

**પ્રથમ દિવસ (સંયમ સુવાસોત્સવ)**
માગસર સુદ ૧૦ તા. ૬-૧૨-૨૦૧૯ શુક્રવાર
વહેલી સવારે - મુહપત્તી ઉપર કેસર છાંટણા
૯.૦૦ કલાકે - વસ્ત્ર રંગોત્સવ,
છાબ સજાવટ, બેઠું વર્ષીદાન
૧.30 કલાકે - નમોસ્તુ તસ્મૈ શ્રી ગુરૂદેવતાય
૭.30 કલાકે - પ્રભુવીરની યશોગાથા

**દ્વિતીય દિવસ (કલ્યાણકોત્સવ)**
માગસર સુદ ૧૧ તા. ૭-૧૨-૨૦૧૯ શનિવાર
૬.૦૦ કલાકે - શ્રી વર્ધમાનશક્રસ્તવ
અભિષેક તથા ૩૪ અતિશય મહોત્સવ
૧૦.૦૦ કલાકે - વર્ષીદાન રથયાત્રા
3.૦૦ કલાકે - મુમુક્ષુના અંતિમ વાયણા
૭.30 કલાકે - રૂડા રાજમહેલને ત્યાગી

**તૃતીય દિવસ (સંયમસ્પર્શોત્સવ)**
માગસર સુદ ૧૨ તા. ૮-૧૨-૨૦૧૯ રવિવાર
૬.૦૦ કલાકે - પ્રભુનો સ્નાત્ર મહોત્સવ
૯.૦૦ કલાકે - નિજાનંદ પ્રદાન
કરનારી પુનિત
પ્રવજ્યા વિધિ પ્રારંભ

વિધિકાર : પંડીત વિશાલભાઈ ધરમશી એન્ડ પાર્ટી

**મહોત્સવ સ્થળ : શ્રી સુથરી મહાતીર્થ**
તા. અબડાસા, કચ્છ-સુથરી - ૩૭૦૪૯૦ • ફોન : ૦૨૮૩૧-૨૮૪૨૨૩

### લાભાર્થી દાતા પરિવાર

માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર

### સહયોગી દાતા પરિવાર



માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર
માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર
માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર પરિવાર
માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર
માતુશ્રી કસ્તુરીબાઈ વિશનજી દેવણાંધ ધરમશી પરિવાર
માતુશ્રી તેજબાઈ વિશનજી ઘેલાભાઈ છેડા પરિવાર



**નિમંત્રક : શ્રી સુથરી જૈન સંઘ**

માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર

માતુશ્રી તારામતી મણીલાલ પદમશી લોડાયા પરિવાર  માતુશ્રી ચંદનબેન હંશકુમાર ખેતશી નાગડા પરિવાર

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ગદગ

આ વર્ષે આસો માસની આયંબિલની ઓળી શ્રીમતી મગુબાઇ વેલજી નાગડાના સૌજન્યથી મહાજનશ્રીની નિશ્રામાં તા. ૫-૧૦-૨૦૧૯ થી તા. ૧૩-૧૦-૨૦૧૯ સુધી યોજાઇ જેમાં સહ લાભાર્થી ૬૭ પરિવારોએ લાભ લીધેલ. કુળ ૨૯૧ તપસ્વીઓએ આયંબિલ કર્યા જેમાં નવ આયંબિલની ઓળી કરનારની સંખ્યા ૨૭ જણની હતી. ઓળીમાં આયંબિલની રસોઇની જવાબદારી શ્રીમતી વિમલા સંજય મોતાએ સંભાળી હતી. સ્નાત્ર મંડળના સભ્યો તથા ભાઇ બહેનો સહયોગી રહ્યા. વાપીથી શ્રી પ્રદિપ વેરશી સાયલા આયંબિલની ઓળી કરવા પધારેલ.

# શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવામાં નવકાર મંત્ર ભાષ્ય જાપ

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામમાં નવકાર મંત્રનું ભાષ્ય જાપનું આયોજન પ્રારંભ કરવામાં આવ્યો. રવિવાર તા. ૨૭/૧૦/૧૯ના જાપ અને નવકારશીના લાભાર્થી માતુશ્રી દેવકુવંરબેન હીરાચંદજી મોમાયા પરિવાર હતા.

# શ્રી શ્વેતાંબર જૈન સંઘ, ખિરકિયા (મ.પ્ર.)

આસો મહિનાની નવપદની શાશ્વતી ઓળીમાં રોજના 30 આયમ્બિલ થયા હતા. છેલ્લા પૂનમ નાં દિવસે ૧૦૮ આયંબિલ થયા. રોજ સ્નાત્ર પૂજા માટે સારી સંખ્યા થતી હતી. આયમ્બિલ માં નિત નવી પ્રભાવનાઓ આપવામાં આવી હતી. રોજના આયંબિલ કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ, ખિરકીયાના નવાનિર્માણાધીન ઉપાશ્રયમાં થયા હતા.

આયમ્બિલમાં લક્ષ્મીબેન ભરતભાઈ નાગડા અને શ્રીમતિ દીપલબેન વિક્રમભાઈ નાગડા એ વૈય્યાવચ્ચ માટે સારો સાથ સહકાર આપ્યો હતો જે માટે શ્રી સંઘ તરફ થી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રતિભાબેન શાહ દેરાસરમાં દરેક કાર્યમાં તેમજ નાનામાં નાની ચીજોનું જયણા પૂર્વક સારી સાર સંભાળ રાખે છે સાથે શ્રીમતિ માલતીબેન કિરીટભાઈ નાગડા પણ સહયોગ આપે છે.

ઓળી પછી દિક્ષાર્થી શ્રી ગૌતમભાઈ નરેશભાઈ લોડાયા, ઘાટકોપરથી પધારેલ તેમનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અત્રે સ્થાનકવાસી સમુદાયના દિલીપ મુનીજી મ.સા.પણ દિક્ષાર્થીભાઈની ઉજ્જળ ભવિષ્યની કામના કીધી અને આશીર્વચન આપ્યા. શ્રી સંઘ તરફથી ગૌતમભાઈનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ગૌતમભાઈએ પણ પોતાના હિને બેઠું વરસીદાન કીધું હતુ જેમાં બધાંને ચાંદીની ગીન્નીઓ આપવામાં આવી હતી. શ્રી અરુણભાઈ હેમચંદભાઈ નાગડા એ દિક્ષા શું છે તે બાબત અને શ્રીમતિ દીપલબેન વિક્રમભાઈ નાગડા એ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

# દર્પણ રાજીવ મોમાયાને એવોર્ડ અપાયો

સેલમ ખાતે તામિલનાડુ ગુજરાતી સમાજના સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કે.ડી.ઓ. જ્ઞાતિના તિરૂપુર સેન્ટરના દર્પણ રાજીવ મોમાયાને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# સુથરી તીર્થ મધ્યે ભગવતી દીક્ષા

સુથરીમાં હીનાબેન તથા નરેશ મણીલાલ લોડાયાના સુપુત્ર ચિ.ગૌતમની ભગવતી દીક્ષાનો મહોત્સવ તા. ૬-૧૨-૨૦૧૯ થી ૮-૧૨-૨૦૧૯ ના યોજાશે. પ.પૂ. મુની પ્રવર અણી શુદ્ધ સંયમી ભાગ્યોદય સાગરજી દીક્ષા પ્રદાન કરશે.

પ્રારંભમાં તા. ૬-૧૨ના રોજ સંયમ સુવાસોત્સવ દ્વિતીય દિવસ તા. ૭-૧૨ના કલ્યાણકોત્સવ તથા ત્રીજા દિવસ તા. ૮-૧૨ના સંયમ સ્પર્શોત્સવનું આયોજન છે.

# સખીવૃંદ પુણેની માસિક બેઠક મળી

ઓક્ટોબર મહિનાની મીટિંગ લતાબેન દિનેશ મોમાયાને ઘેર યોજાઈ. સખીઓના જીવનમાં હકારાત્મકતા લાવવાના હેતુથી લતાબેને પ્રિયા શાહ ને આમંત્રિત કર્યા. જેઓ છેલ્લા ૨૦ વર્ષ થી ક્રિસ્ટલ હિલિંગના વિશેષજ્ઞ છે. તેઓ ક્રિસ્ટલ હિલિંગ સાથે જ રેકી, ટેરોટ, ગ્રાફોલોજી, એંજલ થેરપિ, વિઝ્યુલાઇઝેશન આર્ટના પણ જાણકાર છે.

નવકારના પઠન બાદ કોમલ ધરમશી એ સપ્ટેમ્બર મહિનાની મીટિંગ ના અહેવાલ રજૂ કર્યા. પ્રિયાબેને સૌને નકારાત્મક વિચારો દૂર કરી, પોતાની જાત ને પસંદ કરવું જરૂરી છે, ફક્ત બીજાનો વિચાર ન કરતા પોતાનાં અંતરમન થી જોડાવું જોઈએ. આત્મલક્ષી ન હોવાથી મનના વિકાર ઉદભવે છે. પ્રેમ અને લાગણીથી જ આપણે મજબૂત બની શકીએ. એવા વિચારો પ્રસ્તુત કર્યા.

અગ્નિ ઠંડી થાય અને પાણીમાં મળે ત્યારે પત્થર ક્રિસ્ટલનું સ્વરૂપ લે છે. આપણાં શરીરની જેમ ક્રિસ્ટલ પણ કુદરતી તત્વો થી બનેલું છે ધરતી-હાડકાં, અગ્નિ-પેટ, જલ-શરીર, વાયુ-હૃદય, આકાશ-ગળું. કુદરતી રીતે તૈયાર સોમવાર બંધ થયેલ આ પત્થરમાં એક અનોખી ઉર્જા છે જે હિલિંગ તરીકે ઉપયોગી થાય છે. જે અસમાન તત્વો ને સમાન કરે છે અને ઘણી બધી બીમારીઓ થી બચાવે છે.

પ્રિયા બેને સૌ સભ્યોને ક્રિસ્ટલ હાથમાં આપી ધ્યાન કરાવ્યું. ત્યારબાદ સખીઓએ પોતાના અનુભવો જાહેર કર્યાં. તે સાથે જ પ્રિયા બેને ક્રિસ્ટલના વિવિધ રંગ અને આકારની વિસ્તારપૂર્વક માહિતી આપી. જેમાં ગણેશ મુર્તિ, શ્રી યંત્ર, એંજલ, બતક, ટ્રી, કાચબાના આકારના ક્રિસ્ટલ હતાં. લતાબેન મોમાયા તરફ થી સખીઓને ક્રિસ્ટલ ફ્રેન્ડશીપ બેંડ અપાયા. મંડળ તરફથી સખીઓને ચારકોલ પેંટિંગ તૈયાર કરવા બદલ સર્ટિફિકેટ આપાયા.

મંડળના ૨૬ વર્ષ પૂર્ણ થયાં નિમિતે મંડળ તરફથી સૌને ફ્જ (સ્વીટ) અપાઈ. પ્રોજેક્ટ બોલે તેના બોર વેચાય માં કમિટિ સાથે મીતાબેન લાલકા એ પબ્લિક સ્પીકીંગના મુખ્ય મુદ્દા પર પ્રકાશ પાડયો, જેમાં ભાવનાબેન મહેશ્વરી એ તેમનો સાથ આપ્યો. સૌ સખીઓને સુવાક્ય લખેલા પેંપલેટ અપાયા અને દરેક સખીઓએ તેનો રેકોર્ડિંગ વિડીયો મોકલવો એવો આગ્રહ કર્યો. અંત માં લેખા માલદેએ આભાર વ્યક્ત કર્યો.

# હાડકાંત તપાસણી તથા હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૨૩-૧૧- ૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૨૩-૧૧-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી યોજાયેલ છે.

રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

# શ્રી દિનેશ વાલજી ધરમશીને એવોર્ડ એનાયત અપાયો

સુથરી એએસએમ ઈન્ટરનેશનલ (ઇન્ડિયન ચેપ્ટર) તરથી ૪૦ વર્ષ સુધી માનદ સેવાઓ આપવા બદલ દિનેશભાઇને એવોર્ડ થી નવાજ વામાં આવ્યા હતા.

એએસએમ એ વિશ્વની મોટામાં મોટી મટેરિયલ સાયન્સ સોસાયટી છે. શ્રી દિનેશભાઇ આ સંસ્થાના પ્રમુખ પદે રહી ચૂક્યા છે.

# કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદની ચૂંટણી

તા. ૩-૧૧-૨૦૧૯ના રોજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદની ચૂંટણી યોજાઇ હતી જેમાં નીચે મુજબ સભ્યો ચુંટાઇ આવ્યા હતા. ૧) હેમાંગભાઇ મોમાયા, ૨) હીરેનભાઇ (રાજુભાઇ) પટેલ, ૩) લહેરચંદભાઇ લોડાયા, ૪) નરેશભાઇ મોમાયા, ૫) હિતેશભાઇ ધરમશી, ૬) ભાવેશભાઇ લોડાયા, ૭) કિરણભાઇ મૈશેરી, ૮) નિખિલભાઇ મોમાયા, ૯) ધીરજભાઇ ધુલ્લા, ૧૦) જયશ્રીબેન ધરમશી, ૧૧) ગુલાબભાઇ મોતા.

# સાધ્વીજી મ.સા.ઠાણા ઉઠાણાનો વિહાર

પ.પૂ. સાધ્વીજી શ્રી જયધર્માશ્રીજી મ.સા. ઠાણા ઉઠાણા તા. ૧૨ નવેમ્બર ૨૦૧૯ના મંગળવારના દિને પ્રાતઃ ૬.૩૦ કલાકે આયોજીત છે. ત્યાંથી વિહાર કરીને બાંઢીયા ગામે પધારશે.

# કચ્છ સાંધાણ તીર્થે પંચાન્હિકા મહોત્સવ

કચ્છના પાલીતાણા તરીકે વિખ્યાત સાંધાણ તીર્થ નગરે શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૬મી ધ્વજા તિથિ તથા જિર્ણોધ્ધાર સહ નૂતન ટુંક નિર્માણ એવમ્ પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ તા. ૨૪-૧૧-૨૦૧૯ થી તા. ૨૮-૧૧-૨૦૧૯ દરમ્યાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં તથા પ.પૂ. આચાર્ય ભગવંતો તથા શ્રમણ-શ્રમણીવૃંદના સાંનિધ્યમાં યોજાવામાં આવેલ છે.

# વિવિધ કલાઓમાં મંદિર ભાટાપરાના શ્રીમતી પ્રીતિ યશવંત છેડા

ભાટાપરા રાયપુર (છ.ગ.)માં શાસકીય વિદ્યાલયમાં એકાઉન્ટ્સ લેક્ચરર તરીકે કાર્યરત શ્રીમતી પ્રીતિબેન યશવંત છેડા સમાજ સેવા, રંગોલી, ગરબા, નૃત્ય, તેમજ અન્ય વિદ્યાઓમાં યોગદાન આપતા રહે છે. શ્રીમતી પ્રીતિબેન આટલા વ્યસ્ત હોવા છતાં ધર્મ અને ધર્મઆરાધનામાં સંપૂર્ણપણે પ્રવૃત્ત રહે છે.

દરેક પર્યુષણ દરમિયાન અઠાઇથી માસક્ષમણ વગેરે તપસ્યા પણ કરતા રહે છે. આ વરસે રાયપુર દિવાળી મિલન અને વિદ્યાર્થી અભિવાદન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
### મેડિકલ સમિતિ

KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**શ્રી કમલેશ માણેકજી દંડ**
કચ્છ-તેરા, અંકલેશ્વર


**સંજીવની રજત પેટ્રોન**
**Rs. 25,000/-**

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
### મેડિકલ સમિતિ

KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**શ્રીમતી અરૂણાબેન અને**
**શ્રી ગીરીશભાઈ ટી. ધરમશી**
કચ્છ-જશાપર, મુંબઈ-મુલુન્ડ

**સંજીવની રજત પેટ્રોન**
**Rs. 25,000/-**

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
### મેડિકલ સમિતિ

KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**શ્રી જ્ઞાનેશ સી. ડાઘા**
કચ્છ-વરાડીયા, પુના

**સંજીવની રજત પેટ્રોન**
**Rs. 25,000/-**

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
### મેડિકલ સમિતિ

KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**શ્રીમતી વૈશાલી લલીત શાહ**
કચ્છ-વારાપધર, હૈદરાબાદ

**સંજીવની રજત પેટ્રોન**
**Rs. 25,000/-**

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
### મેડિકલ સમિતિ

KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...

પ્રથમ NRI પેટ્રોન

**માતુશ્રી ધનલક્ષ્મી મુળજી લોડાયા**
**હ. નીતા મહેન્દ્ર પોલડીયા**
કચ્છ-ડુમરા, દુબઈ

**સંજીવની રજત પેટ્રોન**
**Rs. 25,000/-**

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
### મેડિકલ સમિતિ

KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**શ્રી રવિન્દ્ર હરીશ મુનવર**
કચ્છ-જખૌ, બેંગ્લોર

**સંજીવની રજત પેટ્રોન**
**Rs. 25,000/-**

# ભીંવડી પાઠશાળાના વિદ્યાર્થીઓ દક્ષિણ ભારતના પર્યટન પ્રવાસે



ભીંવડી પાઠશાળાના એકસો જેટલા વિદ્યાર્થીઓ બેંગલોર, મૈસુર, ઊટી, કોઈમ્બતુર, તીરૂપુર, ક્રિષ્ણગિરી, સુશીધામ વિગેરે તીર્થયાત્રાએ ગયા છે. આ વિદ્યાર્થીઓ તા.૨નવેમ્બર શનિવારના રોજ સાંજે ૫ કલાકે શ્રી સુવિધાનાથ જૈન દેરાસરે પહોંચ્યા. સૌની ચૌવિહાર વ્યવસ્થા નયનભાઈ દોઢિયાના સૌજન્યથી કરાઈ હતી.



ત્યારબાદ ૬.30થી ૭.30 સુધી ભક્તિગાનનો કાર્યક્રમ વિદ્યાર્થીઓએ રજૂ કર્યો હતો. ધર્મ, ભાવ અને શ્રધ્ધાનો અનોખો માહોલ બાળકોએ અદ્‌ભૂત રીતે સર્જ્યો હતો. સાંજે ૭.૩૫ કલાકે આરતી કરાઈ. તે પછી બહુમાન કાર્યક્રમ શ્રી સુવિવિધાનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની અમૂલ્ય હાજરીમાં થયો. સૌને બિરેનભાઈ શાહ દ્વારા પ્રભાવના અપાઈ. સમગ્ર કાર્યક્રમની ઉચિત અને યોગ્ય વ્યવસ્થા રતિલાલ વેરશી નાગડા અને અનિષ એચ.નાગડા દ્વારા કરાઈ હતી. તિરૂપુરમાં માણેલી આનંદપૂર્ણ ક્ષણોને હૈયે રાખી. આ પ્રશ્ચાત સૌ વિદ્યાર્થીઓ ક્રિષ્ણાગિરી જવા પ્રસ્થાન કર્યું હતું.






# અચલગચ્છના શૂરવીરની શૂરવીરતાને સો સો સલામ...



અચલગચ્છના પૂર્વાચાર્ય દ્વારા સંસ્થાપિત **જામનગરના તીર્થ સમા વિરાટ જિનાલયનું ગૌરવ**
અને
**અચલગચ્છના ઈતિહાસની અખંડિતતાની ગરિમા જાળવવા**
અચલગચ્છાધિપતિ શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.,
યુવાચાર્ય શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. તથા અચલગચ્છીય આચાર્ય ભગવંતોની હાકલ પડી અને
તેમાં કુનેહવંત પ.પૂ. મુનિરાજ શ્રી **પ્રિયંકરસાગરજી** મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી **પૂર્ણભદ્રસાગરજી** મ.સા.
તથા પ.પૂ. મુનિરાજ શ્રી **હેમચંદ્રસાગરજી** મ.સા. ના માર્ગદર્શને
**ગચ્છ-ગુરુ અને શાસન-તીર્થરક્ષાની દાઝને જાગૃત કરવા** આજ્ઞા-આશીર્વાદ મળતા ત્વરિત જ
શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ એ બીડું ઝડપીને
**શ્રી ચેતનભાઈ ખેરાજ દેઢિયા (ગઢસીસા) ને**
કુશળતા અને કુનેહતાથી આ પ્રશ્નને તાત્કાલિક ધોરણે
ગુરુ-ગચ્છ અને સમાજનું નામ કાયમી રહે તે પ્રમાણે કાર્ય કરવાનો અનુરોધ કર્યો.
તેમજ શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘના પ્રમુખ
શ્રી રતનલાલજી વડેરા તથા વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી હેમચંદ મુરજી ગડા એ પણ
ચેતનભાઈને પણ આ કાર્ય કરવા જણાવેલ.
આ અનુસંધાનમાં પ.પૂ. મુનિરાજશ્રી **કમલપ્રભસાગરજી** મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં
શ્રી દિપકભાઈ મુલચંદ ગોસરના પ્રમુખ સ્થાને મુલુંડ મધ્યે મહાસભાનું આયોજન થયું.
જેમાં વસનજીભાઈ દેઢિયા, એલ. કે. દેઢિયા, દેવેન્દ્ર ગાલા, ધીરજ છેડા, કમલેશ લાપસિયા
તથા અન્ય ઘણા જ મહાનુભાવો હાજર રહેલ.

## મુખ્ય કેન્દ્રવર્તી મુદ્દો

જામનગરના પર જિનાલય જેની ૪૦૦ વર્ષ પૂર્વે
અચલગચ્છના યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ની
પ્રેરણાથી વીર સંવત ૧૬૭૫ માં કચ્છી અચલગચ્છીય શ્રાવક
શ્રી રાજશી નાગડા શેઠે નિર્માણ કર્યું.
એમાં હમણાં અન્ય ગચ્છીય આચાર્ય ભગવંતો નવી પ્રતિષ્ઠા દ્વારા
અચલગચ્છના ભવ્ય ઈતિહાસમાં હસ્તક્ષેપ કરવાના હતા.
**જે સમગ્ર કાર્યક્રમને મુલત્ત્વી રાખવાનો**
**ઐતિહાસિક નિર્ણય લેવાયેલ છે.**




## અચલગચ્છની આન-બાન-શાન
# શ્રી ચેતનભાઈ
## (ગઢસીસા-મુલુંડ)

ચેતનભાઈ દેઢિયા જેઓ નીડર બનીને ગચ્છના હિત માટે નિર્ણય લઈ
સર્વેનું સાંભળી સર્વેને સંભાળી કોઈને ડરાવ્યા વગર કે કોઈનાથી ડર્યા વગર
પોતાના કર્મપ્રભાવ થકી સર્વે ગચ્છના જનસમુહ પર
પોતાની રજુઆત યોગ્ય રીતે પહોંચાડી.
ગચ્છાધિપતિના પ્રભાવને સમજાવી સાચા ગચ્છ સુકાની બન્યા છે,
તેમનો જીવનમંત્ર નિષ્ઠાપૂર્વક કામ કરો,
જેથી પરમાત્માના અધિષ્ઠાયક દેવો સહાયરૂપ થશે
અને આ જ મંત્ર પ્રમાણે સર્વે સમાજને જાણ થઈ કે

**ચેતનભાઈ દેઢિયાના અધિક પ્રયાસોથી**
**સમસ્ત અચલગચ્છ સમાજ પર આવેલી કટોકટી સ્થગિત થઈ ગઈ.**
**બૃહદ ક્ષેત્રે સેવા કરી વધારો મુલુંડના કચ્છી જૈનોનું નામ...**
**તમારી મુફસેવા ને વહિવટ શક્તિને સૌ કરે સલામ...**




● કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયએ મુંદરા ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રા.લિ.ને મુંદરા ખાતેના વાણિજિયક હવાઈ મથકના વિકાસ માટે મંજૂરી આપી છે. વિદેશોમાં સ્થિર થયેલા હજારો કચ્છી પરિવારો વર્ષોથી જે દિશામાં મીટ માંડીને બેઠા છે એ કચ્છને આંતરરાષ્ટ્રીય સ્તરનું વિમાનીમથક મુંદરા નજીક બારોઈમાં થાય એવાં સંજોગો સર્જાયા છે. જોકે સતાવાર રીતે કોઈ જાહેરાત કરાઈ નથી. પ્રાથમિક રીતે રૂા.૧૪૦૦ કરોડનું રોકાણ આમાં થશે.

● આદિપુરના જય અંબે શક્તિ મહિલા મંડળ દ્વારા સિનિયર સિટીઝન ડે નિમિત્તે વડીલો માટે ઝડપી ચાલ (ફાસ્ટ વોક) સ્પર્ધા યોજાઈ હતી. નિર્ણાયક તરીકે પ્રદીપ જોષી અને ડૉ. નરેશભાઈ એ સેવા આપી હતી.

● ગાંધીધામના કામધેનું ગૌસેવા ટ્રસ્ટને આદિપુરના દાતા બાબુભાઈ હમીરભાઈ ચૈયા (આહિર) પરિવાર દ્વારા દરરોજ રસ્તા ઉપર ઘાયલ થતા ગૌવંશ તેમજ નિરાધાર, બીમાર, અશક્ત પ્રાણીઓને સારવાર અર્થે હોસ્પિટલે પહોંચાડી શકાય એ માટે એમ્બ્યુલન્સ અપાઈ છે.

● કોટડા રોહાના રઘુવંશી શિવ ભક્ત મનજીભાઈ કોઠારીની ગાય ધણમાં ચારો ચરવા જતી. સાંજ પડે ગાયોનું ધણ પાછું ફરતું ત્યારે મનજીભાઈની ગાય ઓછું દૂધ આપતી આ ઘણા દિવસ ચાલ્યું. ગોવાળને ફરિયાદ કરી તોય કશું ફેર થયો નહીં. બીજા દિવસે પોતે જાતે ગાય પર ચાંપતી નજર રાખવા જંગલમાં ગયા. ત્યારે એક ચમત્કારી દ્રશ્ય જોવા મળ્યું. ગૌધુલિ સમય પહેલાં ગાય એક ચોક્કસ જગાયે ઊભી રહેતી એને આંચળમાંથી દૂધ ત્યાં ખાલી થઈ જતું. શાસ્ત્રીઓ સલાહ લઈ એ સ્થળની સફાઈ કરતા ત્યાં શિવલીંગ મળ્યું તેની ભાવપૂર્વક પ્રતિષ્ઠા કરી એ સન મહાદેવ તરીકે ખ્યાત થયું. સવંત ૧૮૮૨ના વૈશાખ સુદ પાંચમના મહારૂદ્ર યજ્ઞ કરાયો જે પંદર દિવસ ચાલ્યો જેમાં ૭૦ વિદ્વાન પંડિતો ભુજ, માંડવી તથા બનારસથી આવ્યા હતા. ૧૫ દિવસ સુધી આખું ગામ તથા આસપાસના વિસ્તારના ગ્રામ જનો ધૂંવા બંધ જમણનો લાભ લીધો. મનજીભાઈ કોઠારીને મસ્જિદબંદરમાં પોતાની સૂકા મેવાની પેઢી કાનજી મનજી કોઠારી મેવાવાળામાં ભગવાન શિવને ભાગીદાર બનાવ્યા હતા. તે આજ સુધી તેમના વારસદારો આ પ્રથા જાળવી રાખી છે. મેવાનો વ્યવસાય અને ૧૮૫૦થી આજે ૧૬૯ વર્ષથી અવિરત ધમધમે છે.

● કચ્છના અંતરિયાળ ગામડામાં હૃદયરોગ કે અન્ય કોઈ ગંભીર બીમારી સામે આવી તો તાત્કાલિક ઈલાજ માટે દેશના નિષ્ણાત તબીબ સાથે વીડીયો કોન્ફરન્સની મદદથી સારવાર આપતો નવતર પ્રયાસ ડિસ્ટ્રીક મિનરલ ફાઉન્ડેશન દ્વારા કચ્છમાં ખનિજ ઉત્ખનન ક્ષેત્રે મળતી રોયલ્ટીની રકમમાંથી પ્રાઈવેટ પ્રોજેક્ટ રૂપે અબડાસાના મોથાળા અને લખપતના પ્રાનધોમાં દવાખાનાની શરૂઆત કરવામાં આવી છે. દેશના વિવિધ સ્તરે નિષ્ણાત એવા ૧૫ ડોક્ટરની પેનલ સાથે જોડાણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની ગાંધીનગરથી દેખરેખ રાખવામાં આવી રહી છે. અબડાસાના મોથાળા અને લખપતના પ્રાન્ધોમાં મોટા પાયે ખનિજનું ખનન કરવામાં આવે છે. જેની રાજ્ય સરકારને દરવર્ષે એકલા કચ્છમાંથી ૩૦૦ કરોડની રોયલ્ટીપેટે મળે છે.

● નલિયાથી માતાના મઢના માર્ગ પર દર નવરાત્રી દરમ્યાન આઠ જેટલા સેવા કેમ્પો પદયાત્રોની સેવાર્થે કાર્યરત રહે છે. છેલ્લા છ વર્ષથી એમ.જે. એન્જલ સંસ્થાના યુવા કાર્યકરો પદયાત્રી કેમ્પની આસપાસ એકઠો થયેલો કચરો સફાઈ કરી જમા કરી નિકાલ કરે છે. કેમ્પ સ્થળે તથા માર્ગ પર પાણીના પાઉચ, ખાણી પીણીના બાઉલ, નાસ્તાના ખાલી પડીકાં, ઝબલા થેલી, પ્લાસ્ટિક બેગ વિગેરે એકઠા કરી ખાડાની અંદર ૨૫થી વધુ કોથળામાં જમા કરી દાટવામાં આવ્યો.

● કચ્છ જિલ્લા સેવા સેતુના પાંચમા તબક્કામાં નખત્રાણા તાલુકાના રવાપર ગ્રામ પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૨૫ જેટલા સરકારી વિભાગોનું ૧૨૦૦ જેટલા લાભાર્થીઓએ લાભ લઈ સેવાસેતુ કાર્યક્રમને સાર્થક બનાવ્યો હતો.

## જીવન ઘટમાળ

**● આંતરજ્ઞાતિ સગપણ ●**


| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૧.૨૦૧૯ | ડોમ્બીવલી | કુણાલ રમેશ લખમશી ધરમશી | નાની સિંધોડી | ૨૬ |
| | ડોમ્બીવલી | સાયલી સંતોષ શિવરામ સાવંત | ખેડ (રત્નાગિરી) | ૨૪ |
| ૦૭.૧૧.૨૦૧૯ | ઘાટકોપર | આકાશ ગિરીશ વાલજી ખોના | સાંધવ | ૩૨ |
| | દેવનાર | જયોતિકા શક્તિ કપૂર | મુંબઈ | ૩૨ |
| ૦૮.૧૧.૨૦૧૯ | ભાંડુપ | ભાવિન લહેરચંદ દામજી લોડાયા | બાંઢીયા | ૨૫ |
| | ડોમ્બીવલી | કીંજલ રાજેન્દ્ર નરેન્દ્ર કોઠારી | રીનછેડ | ૨૪ |
| ૦૮.૧૧.૨૦૧૯ | માટુંગા | રોહન નિખિલ રતિલાલ ખોના | નલિયા | ૨૭ |
| | ચિંચપોકલી | મીતા વિનોદકુમાર અમૃતલાલ કડી | વસાવદ | ૨૭ |

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૬.૨૦૧૯ | વડાલા | ધિયારા પંકિત હાર્દિક વિજય લોડાયા | બાયઠ | પુત્રી |

# સાંયરા નગરે મહાકાળી માતાજીની ભાવના કરાઈ

તા. ૧૨-૧૦-૨૦૧૯ આસો સુદ ૧૪ના માતુશ્રી ગંગાબાઇ લીલાધર મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં તબલચી મહેન્દ્રભાઇ તથા વસંતભાઇ ગોર, રતીલાલભાઇ ધ્રોળ તથા કસ્તુરીબાઇ સારી રમઝટ બજાવેલ. તા. ૧૩-૧૦-૨૦૧૯ આસો સુદ ૧૫ પૂનમના માતુશ્રી ગંગાબાઇ લીલાધર મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ હતું. પૂનમના દાદાના દર્શન કરવા સારી સંખ્યામાં આવેલ.



## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.

## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day



## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


KDO Gyatimaiya Weekly E-magazine KDO